| | | |
|---|---|---|
| GJAR040004902023 | **કેસ મળ્યા તા.** | **૦૨/૦૨/૨૦૨૩** |
| | **રજીસ્ટરે નોંધ્યા તા.** | **૦૨/૦૨/૨૦૨૩** |
| | **અરજીના નિર્ણયની તા.** | **૧૬/૦૪/૨૦૨૬** |
| | **સમયગાળો :** | **વર્ષ– ૦૩ માસ– ૦૨ દિવસ– ૧૪** |

**મેઘરજ ના એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, મેઘરજ**

**ફોજદારી કેસ નં. ૪૬૯/૨૦૨૩**
**આંક :**

(૧) શ્રી સરકાર
ઇસરી પો.સ્ટે. ગુ.ર.નં.૩૦૪૪/૧૮

**..ફરીયાદી**

**: વિરૂધ્ધ :**

(૧) શૈલેષભાઈ જીવાભાઈ મનાત**(અબેટ)**
(૨) રોહિતભાઈ જીવાભાઈ મનાત
(૩) સુરેશભાઈ પ્રવિણભાઈ મનાત
(૪) પ્રવિણભાઈ જીવાભાઈ મનાત
તમામ રહે.જામગઢ,તા.મેઘરજ,જી.અરવલ્લી

**....આરોપીઓ**

**ચાર્જ :** **ઈ.પી.કો.કલમ– ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**

---

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. એ.એન.સૈની
આરોપીઓ તર્ફે વિધ્વાન વકિલ શ્રી એ.ડી.નીનામા

## –:: <u>ચુ કા દો</u> ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના ફરીયાદીએ અગાઉ આ કામના આરોપીઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલ જેની અદાવત રાખી આ કામના આરોપીઓ બિભત્સ ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરી.ને જમણા પગે લાકડી મારી તેમજ આરોપી નં.૨ નાએ સાહેદ મહેન્દ્રભાઇને માથાના ભાગે લાકડી મારી તેમજ આરોપી નં.૩ નાએ મુકેશભાઇને બન્ને પગે લાકડી મારી તેમજ આરોપી નં.૪ નાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સા ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી. ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવા સંદર્ભે ફરિયાદીની ફરીયાદ આધારે હાલના આરોપી વિરુધ્ધ ઇસરી પો.સ્ટે. ગુ.ર.નં.૩૦૪૪/૧૮ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ધોરણસરના પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ હાજર થયેલ છે, જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક– ૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક–૦૬ થી ૦૮ પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

## ::મૌખિક /દસ્તાવેજી પુરાવા::

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી કાનજીભાઈ જીવાભાઈ મનાતની જુબાની | ૨૯ |
| ૨. | ફરિયાદ | ૩૦ |
| ૩. | સાહેદ મહેન્દ્રભાઈ કાનજીભાઈ મનાતની જુબાની | ૩૧ |
| ૫. | પંચનામા | ૩૧ A |
| ૬. | ગુનામાં વપરાયેલ હથીયારનુ પંચનામું | ૩૨ |
| ૭. | મેડિકલ સર્ટી | ૩૩ |
| ૮. | જાહેરનામા | ૩૪ થી ૩૫ |
| ૯. | કલોજીંગ પુરશીશ | ૩૬ |

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે તથા બચાવ પક્ષના વિ.વકિલ શ્રી ની મૌખિક દલિલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

### –:: મુ દ્દા ::–

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીએ અગાઉ આ કામના આરોપીઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલ જેની અદાવત રાખી આ કામના આરોપીઓ બિભત્સ ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરી.ને જમણા પગે લાકડી મારી તેમજ આરોપી નં.૨ નાએ સાહેદ મહેન્દ્રભાઇને માથાના ભાગે લાકડી મારી તેમજ આરોપી નં.૩ નાએ

મુકેશભાઈને બન્ને પગે લાકડી મારી તેમજ આરોપી નં.૪ નાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સા ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી . ઈ.પી.કોડની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ- ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૫) મુદ્દા અંગેના નિર્ણય ::-

મુદ્દા નં. ૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

## મુદ્દાઓના નિર્ણય માટેના કારણો ::-

**મુદ્દા નંબર - ૧ :-**

(૬) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, ફરીયાદી કાનજીભાઈ જીવાભાઈ મનાત ને આંક- ૨૯ થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે સાતેક વર્ષ અગાઉ જામગઢ મુકામે રાત્રીના એકાદ વાગ્યાના સમયે બનેલો. બનાવ સમયે આરોપી સાથે મારે તથા મારા કુંટુંબી સભ્યો ને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે મેઘરજ પોલીસ મથકે ફરીયાદ આપેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. જે ફરીયાદની ખરી નકલને આંકે પાડવા બચાવપક્ષને વાંધો ન હોય રજુ દાખલ આંક. ૩૦ આપવામાં આવે છે. મારો પુત્ર મુકેશ અમદાવાદ

મુકામે રહે છે અને બીમાર હોઈ નામ. કોર્ટમાં આવી જુબાની આપી શકે તેવી પરીસ્થિતીમાં નથી.

પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા ફરીયાદી જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકતો મળી આવતી નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મને કે મારા દીકરા મહેન્દ્ર, મુકેશ ને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ બનાવ સમયે અમોને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ધણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે હુ પડી જતા મને સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે બનાવ બાદ પડી જવાથી ઈજા થયેલી ઈજા સબંધે ડૉ. શ્રીનાઓએ મે કે મારા કુંટુબીજનોએ બનાવ સબંધે કોઈ હીસ્ટરી આપેલ નથી કે ડૉ. શ્રીએ પુછેલ નથી. એ વાત ખરી છે કે મે મારા કુંટુંબીજનોએ આરોપીઓ પાસે કોઈ હથિયાર જોયેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને મે ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ કામે મહેન્દ્ર તથા મુકેશને કોઈ ઈજા થયેલ નહી કે તેઓએ કોઈ સારવાર લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે સમજુતિ થઈ ગયેલ છે.

ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, સાહેદ મહેન્દ્રભાઈ કાનજીભાઈ મનાતને આંક– ૩૧ થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે સાતેક વર્ષ અગાઉ જામગઢ મુકામે રાત્રીના એકાદ વાગ્યાના સમયે બનેલો. બનાવ સમયે આરોપી સાથે મારે તથા મારા કુંટુંબી સભ્યો ને

સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે મેઘરજ પોલીસ મથકે મારા પિતા કાનજીભાઈનાઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા ફરીયાદી જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકતો મળી આવતી નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મને કે મારા ભાઈ મુકેશ તથા મારા પિતા કાનજીભાઈને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ બનાવ સમયે અમોને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે મારા પિતા કાનજીભાઈનાઓ પડી જતા તેમને સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે બનાવ બાદ પડી જવાથી ઈજા થયેલી ઈજા સબંધે ડૉ. શ્રીનાઓએ મે કે મારા કુંટુબીજનોએ બનાવ સબંધે કોઈ હીસ્ટરી આપેલ નથી કે ડૉ. શ્રીએ પુછેલ નથી. એ વાત ખરી છે કે મે મારા કુંટુંબીજનોએ આરોપીઓ પાસે કોઈ હથિયાર જોયેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને મારા પિતાનાઓએ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ કામે મને તથા મુકેશને કોઈ ઈજા થયેલ નહી કે અમોએ કોઈ સારવાર લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે સમજુતિ થઈ ગયેલ છે.

(૭) આમ આ કામે ફરિયાદપક્ષના પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીઓ દવારા કોઈ વ્યથા પહોચાડવામાં આવેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી ત્યારે આ કામે આરોપીઓ દવારા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત

ફરિયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય આ કામે આરોપીની ઈ.પી.કો. કલમ–૩૨૩ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવવાની અરજી જણાય છે.

(૮) આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ– ૫૦૪ મુજબનું તહોમત છે. હાલનાઅ આરોપીઓ દ્વારા તેઓને કોઇ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઇ નક્કર હકીકત ફલીત થતી નથી. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪ અન્વયે AIR 2014 SC 957, Fiona Shrikhande V/S. State of Maharashtra & Another ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ હાલના આરોપી દ્વારા તેઓને અપમાનીત કરવાના ઈરાદા સાથે આવા અપશબ્દો બોલવામાં આવેલ હોવા બાબતે કોઇ નક્કર પુરાવો આ કામે ફરીયાદી કે અન્ય સાહેદ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ– ૫૦૪ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપૂર્ણ પણે નિષ્ફળ જતા હોઇ નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

(૯) ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું તહોમત છે જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો, '' જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા ૭ વર્ષની મુદતની કેદની શિક્ષાપાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી ચારિત્ર હિંસા આડ મુકવાની હોય'' આ કામે ફરિયાદીની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપી દવારા ફરિયાદી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે અન્ય કોઈ પણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરિયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવુ કૃત્ય કરવા બીકના કારણે ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનો સદરહુ ફરિયાદી ની કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીની

ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192** ના ચુકાદામાં ગુના સબબ પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ કોઈ ભયજનક પરિસ્થિતી ફરિયાદીને જણાવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે હાલના સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૦)** વધુમાં હાલના કામે આરોપીની સામે આક્ષેપ કરવામાં આવેલ અને આરોપીની સામે કરવામાં આવેલ ચાર્જ બાબતેની બોમ્બે (ગુજરાત) પોલીસ એકટની કલમ–૧૩૫ની સાબીત અર્થે ચર્ચા કરીએ તો કલમ–૧૩૫ નીચે મુજબ વર્ણવી શકાય.

<u>કલમ:–૧૩૫ કલમ–૩૭,૩૯ અથવા ૪૦ મુજબના નિયમો અથવા હુકમોનું ઉલ્લઘન કરવા બદલ શિક્ષા:–</u>

'' કલમો ૩૭, ૩૯ અથવા ૪૦ મુજબ કાયદેસર રીતે કરવામાં આવેલા કોઈ પણ હુકમનું પાલન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, નીચે મુજબની શિક્ષા થશે.

(૧) જે હુકમનું પાલન ન કરવામાં આવ્યુ અથવા જેનું પાલન ન કરવામાં મદદ કરવામાં આવી હોય તે હુકમો જો કલમ–૩૭ની પેટા કલમ (૧) મુજબ અથવા કલમ–૩૯ અથવા કલમ–૪૦ મુજબ કરવામા આવ્યોહોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, પરંતુ તે શિક્ષા લેખિત કારણ આપ્યા હોય તે સિવાય, ચાર મહિનાની મુદતથી ઓછી હોવી જોઈએ નહી અને તે દંડને પણ પાત્ર થશે અને

(૨) સદરહુ કલમ–૩૭ ની પેટા કલમ–(૨) મુજબ કરવામાં આવ્યો હોય તો એક મહીના સુધીની મુદતની કેદની અથવા સો રૂપિયા સુધીની દંડની, અને

(૩) જો સદરહુ કલમ–૩૭ની પેટા કલમ–(૩) મુજબ કરવામાં આવ્યો હોય તો, સો રૂપિયા સુધીના દંડની.

આથી ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખીને હાલના કામે રેકર્ડ પર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામે મહે.જીલ્લા મેજી.સાહેબશ્રીનું જાહેરનામું રજુ કરવામાં આવેલ નથી. જેથી હાલના કામે સદર જાહેરનામું સાબિત કરવાની રીતે જે ગુજરાત પોલીસ એકટ (જુનો બોમ્બે પોલીસ એકટ) ની કલમ–૧૫૫માં કરવામાં આવેલી છે તે મુજબ '' આ અધિનિયમની કોઈ જોગવાઈ મુજબ પ્રસિધ્ધ કરેલો અથવા કાઢેલો કોઈ હુકમ અથવા જાહેરનામું સાબિત કરવુ હોય ત્યારે એવા હુકમ અથવા કોઈ એવા હુકમની અથવા જાહેરનામાંની રાજપત્રમાં ની એક નકલ હાજર કરીને અથવા અધિકારીએ તેમાં સહી કરી પ્ર માણપત્ર લખ્યુ હોય તેની ખરી નકલ રજુ કરીને સાબિત કરવાનો અધિકાર છે તે બાબતે ફરિયાદપક્ષ તરફે બનાવના દિવસે જાહેરનામું અમલવારીમાં હતુ કે કેમ તે દર્શાવતો કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જીલ્લા મેજી.કચેરી દવારા બી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે સબંધીત જીલ્લા મેજી. કચેરીનાઓનું જાહેરનામું આ કામે રજુ થયેલ છે દલીલ ખાતર એમ માની લ ેવામાં આવે કે જાહેરનામું અમલમાં હતુ તો બનાવના સ્થળે અને સમયે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ની જોગવાઈ મુજબ, યોગ્ય રીતે પ્રસિધ્ધી (Public promulgation) થયેલ હતી કે કેમ? તે હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર થયેલ નથી, કારણકે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ ની જોગવાઈ ધ્યાને લેતા તે કલમ હેઠળ બહાર પાડવામાં

આવેલ જાહેરનામાની તે જોગવાઈમાં જણાવ્યા મુજબ સાર્વજનિક ઘોષણા (Public promulgation) થવી જરૂરી છે, અને તે સાર્વજનિક ઘોષણાની હકીકત જો રેકર્ડ પરથી સાબિત ન થાય તો, તેવા જાહેરનામાના ભંગ માટે સાર્વજનિક ઘોષણાનું અનુમાન માત્ર તે રજુ થયેલ જાહેરનામાના આધારે આરોપીને બોમ્બે પોલીસ એકટની કલમ−૧૩૫ ના ગુન્હા માટે તકશીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૧)** આમ ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ બારીકાઈથી વિશ્લેષણ કરતા ફરીયાદ પક્ષ આરોપી ઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. જેથી પડેલ પુરાવા આધારે આરોપી વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**__:: હુ ક મ ::__**

**(૧)**આ કામના આરોપી (ર)રોહિતભાઈ જીવાભાઈ મનાત(૩)સુરેશભાઈ પ્રવિણભાઈ મનાત(૪)પ્રવિણભાઈ જીવાભાઈ મનાત, તમામ રહે.જામગઢ,તા.મેઘરજ,જી.અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ− ૨૪૮(૧) અન્વયે ભરતીય દંડ સંહીતાની કલમ− ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ−૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** આ કામે આરોપી નં. ૧ શૈલેષભાઈ જીવાભાઈ મનાત નાઓ મરણ ગયેલ હોય આંક −૦૧ તળે અબેટ હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:- ૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા છ માસનો સમય વિત્યા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬મી,એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૧૬/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |